# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા વિદ્યાર્થી, વાલીઓ અને શાળાના માર્ગદર્શન માટે નીચે મુજબ સ્પષ્ટતા સાથેની અખબારી યાદી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

(1) ધોરણ-૧૨, વિજ્ઞાનપ્રવાહ ઉ.મા.પ્ર. પરીક્ષા, માર્ચ-૨૦૧૯ તેમજ જુલાઈ પૂરક પરીક્ષા-૨૦૧૯માં પરીક્ષા આપેલ હોય અને અનુત્તિર્ણ (N.I.) થયેલ હોય તેવા [ સેમેસ્ટર પદ્ધતિ સિવાયના ] વિદ્યાર્થીઓની માર્ચ-૨૦૨૦માં જૂના અભ્યાસક્રમ મુજબ એટલે કે માર્ચ-૨૦૧૯ પરીક્ષામાં અમલી હતો તે અભ્યાસક્રમ મુજબ પરીક્ષા લેવામાં આવશે.

(2) પૂરતી તકો તેમજ વધારાની તક આપવા છતાંય ઉત્તિર્ણ થઈ શકેલ નથી તેવા સેમેસ્ટર પદ્ધતિવાળા વિદ્યાર્થીઓએ માર્ચ-૨૦૨૦માં નવા અભ્યાસક્રમ મુજબની પરીક્ષા આપવાની રહેશે.

(3) માર્ચ તેમજ જુલાઈ-૨૦૧૯ પૂરક પરીક્ષામાં ઉત્તિર્ણ હોવા છતાં પરિણામ જમા કરાવી પુનઃ પરીક્ષાર્થી તરીકે માર્ચ-૨૦૨૦માં બેસનાર છે તેવા વિદ્યાર્થીઓની પરીક્ષા પણ જૂના અભ્યાસક્રમ મુજબ જ એટલે કે માર્ચ-૨૦૧૯ પરીક્ષામાં અમલી હતો તે જ અભ્યાસક્રમ મુજબ લેવાશે. આ વિદ્યાર્થીઓએ જૂના અભ્યાસક્રમ મુજબ પ્રાયોગિક પરીક્ષા પણ આપવાની રહેશે. આ માટે પોતાની શાળાના તેમજ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના સંપર્કમા રહેવું.

(મહેશ મહેતા)
નાયબ નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

તા - ૧૩/૦૮/૨૦૧૯, મંગળવાર

સ્થળ - ગાંધીનગર.

d:\suraj\table format\l.m.patel\akhbar yadi.docx